
CMYK

ડાયાબિટીસ
બી.પી., 2D ઈકો
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8
તા.૧૭-૦૧-૨૦૨૬, શનિવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE bhavnagar
A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com



## ભાવનગર માત્ર સંસ્કારી નગરી જ નહીં પરંતુ ઇતિહાસ, ઉદ્યોગ અને શિક્ષણનું વાઇબ્રન્ટ કેન્દ્ર છે- મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યું ગૌરવ

# ભાવનગરની સમૃદ્ધ વિરાસત પાછળ રાજવી કૃષ્ણકુમારસિંહજીની દીર્ઘદ્રષ્ટિ અને વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સાકાર થયેલા મહત્વના પ્રોજેક્ટનો શુભ સંયોગ : મુખ્યમંત્રી

### મુખ્યમંત્રીના હસ્તે ભાવનગરને રૂ.૧૫૬ કરોડના વિકાસકાર્યોની ભેટ ,VGRCમાં ભાવનગર શહેર અને જિલ્લાના પોટેન્શિયલને ધ્યાનમાં રાખીને રૂ. ૬૦ હજાર કરોડથી વધુના રોકાણ માટે 306 એમ.ઓ.યુ. થયા



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૭

ભાવનગરના ઝવેરચંદ મેઘાણી હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભાવનગર માત્ર સંસ્કારી નગરી જ નહી પરંતુ ઈતિહાસ, ઉદ્યોગ અને શિક્ષણનું વાઈબ્રન્ટ કેન્દ્ર છે. ભાવનગરની આ સમૃદ્ધ વિરાસત પાછળ રાજવી કૃષ્ણકુમારસિંહજીની દીર્ઘદ્રષ્ટિ રહેલી છે, જેમણે સૌપ્રથમ ભાવનગર સ્ટેટને દેશહિત અને અખંડ ભારત માટે સરદાર વલ્લભભાઈ પટેલને સોંપવાની ઐતિહાસિક પહેલ કરીને રાષ્ટ્રીય એકતામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું જયારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાવનગરમાં શિપ બ્રેકિંગ, શિપ રિસાયકલિંગ યાર્ડ તેમજ દેશના પ્રથમ સી.એન.જી. ટર્મિનલ જેવા મહત્વના પ્રોજેક્ટ્સ સાકાર થયા છે, જેના કારણે ગુજરાતની વાઈબ્રન્ટ વિકાસયાત્રાને નવી ગતિ મળી છે.

વડાપ્રધાનનું સ્પષ્ટ વિઝન શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સ અને નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવાનો છે.ભાવનગર મહાનગરપાલિકા આ વિઝનને અનુરૂપ વિશ્વાસ અને વિકાસ સાથે આગળ વધી રહી છે. આજે રૂ.૧૫૬ કરોડથી વધુના કુલ ૨૩ વિકાસકાર્યો દ્વારા પીવાના પાણીની સુવિધા, ટ્રાફિક અને પરિવહન વ્યવસ્થા, પર્યાવરણ અને સ્વચ્છતા તેમજ સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ ક્ષેત્રે નાગરિકોને વિશાળ લાભ મળશે. વડાપ્રધાન સમય કરતાં બે પગલાં આગળ વિચારનારા દુરંદેશી નેતા છે, ૨૦૦૫માં ગુજરાતમાં ઉજવાયેલ શહેરી વિકાસ વર્ષને દેશ માટે માર્ગદર્શક બનાવ્યો છે. તેની સફળ પરંપરાને આગળ વધારતાં વર્ષ ૨૦૨૫ને ફરી એકવાર શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું છે. આ શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકાએ વધુ સારી નાગરિક સેવાઓ, સિટિઝન એન્ગેજમેન્ટ ગવર્નન્સ, કનેક્ટિવિટી, સસ્ટેનેબલ અર્બન પ્લાનિંગ, હાઉસિંગ ફોર ઓલ અને લાઈવલીહૂડ પ્રમોશન જેવા મુદ્દાઓને વિકાસ રોડમેપમાં સમાવ્યા છે, જેના માટે મહાનગરપાલિકાની ટીમને મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને ગેમ ચેન્જર ગણાવતા તેમણે જણાવ્યું કે રાજ્યભરમાં અત્યાર સુધી રૂ. ૬૬ હજાર કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે, જયારે માત્ર છેલ્લા ચાર વર્ષમાં ભાવનગર મહાનગરને રૂ. ૯૫૪ કરોડ જેટલી રકમ વિકાસલક્ષી કામો માટે ફાળવવામાં આવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલી સૌરાષ્ટ્ર-કચ્છ ફ્ચ્ઈઝમાં ભાવનગર શહેર અને જિલ્લાના પોટેન્શિયલને ધ્યાનમાં રાખીને રૂ. ૬૦ હજાર કરોડથી વધુના રોકાણ માટે ૩૦૬ એમ.ઓ.યુ. થયા છે. આ ઉદ્યોગોથી ભવિષ્યના શહેરીકરણને અવસર તરીકે અપનાવી ભાવનગર સિટિઝન સેન્ટ્રિક ગવર્નન્સની દિશામાં અગ્રેસર રહેશે.

કેન્દ્રિય રાજયમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન રેન્દ્રભાઈ મોદીના કુશળ અને દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ ભારત આજે વિકાસના નવા કીર્તિમાનો સ્થાપ્યા છે. તેમણે જણાવ્યું કે,

અનુસંધાન ૬

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાવનગરમાં ૧.૧૬ કરોડના સાધન સહાયનું ૧૦૧૭ દિવ્યાંગોજનોને વિતરણ કર્યુ

## કેન્દ્રીય મંત્રી બાંભણીયાના નેતૃત્વમાં એલિમ્કો અને ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કેમ્પ યોજાયો











તસવીર : ધવલ વાજા

કેન્દ્રીય મંત્રી નિમુબેનના સીધા માર્ગદર્શન અને નેતૃત્વ તળે સંસદીય ક્ષેત્રના દિવ્યાંગોને આત્મ નિર્ભર બનાવવા હેતુથી સાધન સહાય કેમ્પ યોજાયો જેમાં લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા ઉપસ્થિત રહ્યા હતા. અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તેમણે ભાવનગરની ભૂમિ પર આવકાર્યા હતા. આ તકે મંત્રી નિમુબેનએ કેમ્પમાં કોમલકાંત શર્માનો સહયોગ મળ્યો તેને યાદ કરી ખાસ બિરદાવ્યા હતા.

### ભાજપ સરકાર દિવ્યાંગજનને 'આત્મનિર્ભર' બનાવવા સતત પ્રયાસરત : મંત્રી નિમુબેન

કેન્દ્રિય ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજય મંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતમાં અનેક ક્રાન્તિકારી બદલાવ આવ્યાં છે. દિવ્યાંગજનો માટે સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી છે. સમગ્ર બોટાદ અને ભાવનગર જિલ્લામાં અંદાજે ૨૭૦૦ જેટલાં દિવ્યાંગજનનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. ભાવનગર જિલ્લામાં શિહોર અને પાલીતાણા તેમજ બોટાદ જિલ્લામાં ત્રણ કેમ્પોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૨૫ દિવ્યાંગજનોને કુલ રૂ.૧૨૧.૨૦ લાખની કિંમતના ૧૫૭૭ સાધનો આપવામાં આવ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું કે, સરકાર દિવ્યાંગજનને "આત્મનિર્ભર" બનાવવા સતત પ્રયાસરત છે. ADIP યોજના હેઠળ લાખો દિવ્યાંગજનોને નિઃશુલ્ક આધુનિક સહાયક સાધનો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષોમાં દિવ્યાંગજનને સાધન-સહાય માટે અંદાજે ૧૮ હજારથી વધુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે અને ૩૧ લાખ કરતાં વધુ દિવ્યાંગજનો સુધી સહાય પહોચાડવામાં આવી છે.

### "દિવ્યાંગ" શબ્દની ભાવનાત્મક અભિવ્યક્તિ, વ્યવસ્થાઓની શરૂઆત વડાપ્રધાન મોદીએ કરી : મંત્રી જીતુભાઇ

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, "દિવ્યાંગ" શબ્દની ભાવનાત્મક અભિવ્યકિત અને દિવ્યાંગજનો માટેની વ્યવસ્થાઓની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે દિવ્યાંગોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે જે સંવેદનશીલ પહેલ કરી હતી, જેનું ફળ સમગ્ર દેશમાં જોવા મળી રહ્યું છે. દિવ્યાંગ સાધન સહાય કાર્યક્રમો દ્વારા અનેક લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે.

ભાવનગર,તા.૧૭

ભાવનગરમાં સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રાલય દ્વારા એડિપ યોજના અને જેટકો તથા પીજીવીસીએલના સીએસઆર કાર્યક્રમ અંતર્ગત નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય વિતરણ કેમ્પનું આયોજન એલિમ્કો અને ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દિવ્યાંગોનું જીવન સરળ અને ઉન્નત બને તે માટે દિવ્યાંગજનોના હિતમાં રાજ્ય સરકારે અનેક નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીએ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા એક જ દિવસમાં એક સાથે ૧૦૧૭ દિવ્યાંગજનોને રૂ.૧.૧૬ કરોડના સાધન સહાય અર્પણ કરવાના આ નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કાર્યક્રમને દિવ્યાંગ

અનુસંધાન ૬

# મકરસંક્રાંતિના થયેલ મારામારીમાં ઈજાગ્રસ્ત ગઢડાના આધેડનું સારવારમાં મોત થતા બનાવ હત્યામાં ફેરવાયો

### મટનની દુકાન બહાર પાર્ક કરેલા સ્કૂટર મામલે એકજ વિસ્તારમાં રહેતા ખાટકીઓ વચ્ચે મારામારી થઈ હતી



ભાવનગર,તા.૧૭

બોટાદ જિલ્લાના ગઢડા ખાતે ખાટકીવાડમાં રહેતા અને માસ-મટનની દુકાન ધરાવતા પરિવારો વચ્ચે મકરસંક્રાંતિના દિવસે દુકાન બહાર સ્કૂટર રાખવા જેવી બાબતે બોલાચાલી અને ઝગડા બાદ મારામારી થયેલી અને હથિયારોનો ઉપીયોગ કરવામાં આવ્યોહતો જેમાં એક આધેડને ગંભીર ઈજા થતા તેને પ્રથમ ગઢડા બાદ ભાવનગરની સરટી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયેલ જ્યાં આજે સવારે તેનું સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં ફેરવાયો છે. આ મારામારીના બનાવની સામસામી ફરિયાદ ગઢડા પોલીસ મથકમાં નોંધાવાઇ હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગઢડાના ખાટકીવાડમાં રહેતા અને ત્યાંજ માસ-મટનની દુકાન ધરાવતા મુનાજ અહેમદભાઈ તરકવાડીયાએ યુનુસ ઓસમણભાઈ તરકવાડીયા તથા મહેબૂબ ઓસમણભાઈ તરકવાડીયા સામે ફરિયાદ નોંધાવેલ કે માકરસંક્રાંઈના દિવસે બંને શખ્સોએ પોતાની દુકાન બહાર પડેલા સ્કૂટર મામલે ઝગડો કરી બોલાચાલી કરેલ અને ગાળો આપી તીક્ષ્ણ હથિયારો અને મતં કાપવાના છરા વડે હુમલો કરી તેને તથા તેના પિતા અહેમદભાઈ મુસાભાઇ તરકવાડીયાને ઈજા કરેલ આ બનાવ અંગે ગઢડા પોલીસે બીએનએસની કલમ ૧૧૮-૨, ૧૧૫-૨, ૩૫૨,૫૪ તેમજ જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધેલ, જયારે સામ પક્ષે ઈલ્યાસભાઈ ઉસ્માનભાઈ તરકવાડીયાએ મુનાજ અહેમદભાઈ, ખાલિદ અહેમદભાઈ તથા અહેમદભાઈ મુસાભાઇ સામે દુકાન બહાર વાહનો મૂકી

અનુસંધાન ૬

# પરણીતાએ પતિ સહીત સાસરિયાઓ સામે નોંધાવી ત્રાસ આપ્યાની ફરિયાદ

ભાવનગર,તા.૧૭

ભાવનગર જિલ્લાના તળાજા ખાતે રામપરારોડ, અંબિકાનગર વિસ્તારમાં પિયરમાં રહેતી પરણિતાએ તળાજાના રાજપરા નંબર-૨માં રહેતા પતિ સહીત સાસરિયાઓ વિરુદ્ધ છેલ્લા ત્રણ વર્ષથી ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પોલીસ મથકથી જાણવા મળ્યા મુજબ તળાજા ખાતે રામપરારોડ, અંબિકાનગર વિસ્તારમાં રહેતી શીતલબેને રાજપરા નંબર-૨ માં રહેતા પતિ ચેતન શાંતિભાઈ ચુડાસમા, સસરા શાંતિભાઈ ધીરુભાઈ ચુડાસમા, તથા સાસુ ભકુબેન શાંતિભાઈ સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે ૨૦૧૫માં ચેતન સાથે તેના લગ્ન થયા બાદ થોડા સમય પછી સાસરિયાઓ તેણીને કામ બાબતે મેણાંટોણાં મારી તથા શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. દરમિયાન તેમને દીકરાનો જન્મ થયા બાદ તેનો પતિ તેડી ગયેલ અને વલસાડ રહેવા ગયેલ જ્યાં પણ ત્રાસ આપતા આથી તેનો ભાઈ તેને તેડી ગયેલ બાદ ૨૦૨૧માં પતિ સામે ભારણ પોષણની કોર્ટમાં અરજી કરતા ૨૦૨૨માં મંજુર થયેલ પરંતુ સાસરિયાઓ ફરીથી સમાધાન કરી ભરણપોષણની અરજી કેન્સલ કરાવી તેડી ગયેલા અને સુરત રહેવા ગયેલ જ્યાં પાંચ મહિના સુધી સારું ચાલ્યા બાદ સાસુ સસરા પતિને ફોન કરી મારી વિરુદ્ધ ચડામાંની કરતા ગત તા. ૧૫-૧૨ ૨૦૨૫ના રોજ પતિએ મને તથા દીકરા ઉપર હાથ ઉપાડતા આ અંગે તેના ભાઈને વાત કરતા તેના માસીનો દીકરો તેણીને તેડી ગયેલ અનેતેની પિયર તળાજા આવી ગયેલ અને પતિ સહીત સાસુ સસરા સામે ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે બીએનેસની કલમ ૮૫, ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગારિયાધાર નજીક કારમાં આગ ભભૂકી, સદનસીબે જાનહાની નહીં



ગારિયાધાર-ટીમ્બાણા પાટિયા વિસ્તારમાં કારમાં અચાનક વિકરાળ આગ લાગી હતી. મળતી માહિતી પ્રમાણે આગને કારણે રસ્તા પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. ઘટનાની વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

CMYK